# કોષમાં સૂર્યોદય

## માળિયું

માળિયા પર ચડું
તૂટેલા ઘોડિયાનો મળ્યો અસબાબ.

સ્વપ્નમાં ભાંખોડિયાં ભરું.

ઝાંખી લખોટીઓ, તૂટેલા ભમરડા વચ્ચે
ક્યાંક તિરાડવાળું બૅટ
પીળા પડેલા ચિત્રમાં
ખવાઈ ગયેલો સૂર્ય
ઊધઈની નદી વચ્ચે
અકબંધ લીલુંછમ વૃક્ષ
– ને માછલી.

માળિયું બનાવતાં બનાવતાં
સીડીઓ ટૂંકી પડતી હતી
પગથિયાં ખૂટતાં જતાં હતાં.
ઉપર ચડવાના અથાગ પ્રયત્નોથી
રચાતું હતું માળિયું.
મહામહેનતે ચડ્યો માળિયે.

ધૂળ–રગદોળાયેલી પગલીઓ
પંખીનું તૂટલું પાંજરું;
માળિયું આખું
ડૂમો થઈ ગયું.

# પૂતળું

પવન હંમેશાં
રૂંવે રૂંવે હાથ ફેરવી
પૂતળાને જીવતું રાખવા મથે.

આકાશને આંબવા થનગનતું,
તે વધતું નથી
એટલે ઊભું છે ત્યાંનું ત્યાં.

તેના ફોટોગ્રાફ્સ
જીવતું રાખે છે તેને.

તેને મન
દિવસ, રાત, વરસો, સદીઓ
બધું એક.

સૂર્યને જોવાની તેને બહુ ટેવ.
આંખ વાટે પી ઉદરમાં ઉતારતા
સૂર્ય થઈ જાય કાળમીંઢ છાંયો.

ખોરાક, પાણી, હવા ખાઈ ખાઈનેય
તે વધતું નથી.
તે જોઈ ટાઢ, તડકો ને વરસાદ
ધીરે પગલે ચાલી જાય તેની દરકાર વગર.

ગઈ કાલ મધરાતે જ
અજાણી નિહારિકામાંથી છૂટો પડેલો અગનગોળો
તેને પોતાનાથી જ છૂટવા સમજાવે.

પગને ધરતી થવાના ખ્વાબ
જકડી રાખે તેને આસપાસના અસબાબ સાથે;
તેથી પૂતળું ઊડતું નથી.
પક્ષીને ઊડતાં જોઈ
ફૂટતી નથી પાંખ.
પોતાની ઉપર બેસતા પંખીનેય
ઉડાડવા અસમર્થ છે.

છતાં
પૂતળું કપડાં પહેરી ઑફિસ જાય
ત્યારે ટ્રાફિક જામ થઈ જાય
તે હૉર્ન વગાડી આખું વાતાવરણ કલુષિત કરે
– ને મંદિર આગળ નમે.

દરરોજ સવારે
દર્પણમાં જોઈ તે દર્પણને જિવાડે
પોતાની પાછળના અંધારાને વાગોળે.

દર્શનની લાઇનમાં ઊભું રહે
દર શનિવારે.

પૂતળાએ શ્રીફળ વધેરવા ઊંચો કરેલો હાથ
ને મૂર્તિનો ઊંચો હાથ
બન્નેય છે સ્થગિત.

# ખીલો

જાણ્યે–અજાણ્યે
એક અદૃશ્ય ખીલો
ભીતરમાં ખોડ્યો છે.
તેથી ખીંટીએ લટકતાં કપડાંય
શરીર જેવાં લાગે છે.

ખીલો આખી દુનિયાનો ખૂંટો.

કેન્દ્રમાં જડાયેલો
કશું છટકવા દેતો નથી.
પવન જોઈ પવન જેવો
પાણી જોઈ પાણી જેવો
વૃક્ષ જોઈ વૃક્ષ જેવો
થવા દેતો નથી.

બાળક મોટું થતું જાય તેમ
સમજણ સાથે ખીલીનાં બી રોપાય.
ક્રમશઃ તે
ઉંમરથીયે વધુ વધે
ને છેવટે તેની ઉપર માત્ર ટોપી ટીંગાય.